## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




નોટ લેવા લાઈનમાં ઊભા રહેવામાં મરી જતા હતા...
બાઈકની લાઈનમાં કોઈ મર્યું... બોલો...!!

# સેક્ટર-૧માં ૩.૪ લાખની ચોરી

શહેરના વીવીઆઈપી ગણાતા સેક્ટર-૧માં ગઈ સાંજે તસ્કર ટોળકી ત્રાટકી હતી. સે-૧માં રહેતા કોન્ટ્રાક્ટર બંગલાને તાળુ મારી કલાક માટે બહાર ગયા હતા ત્યાં સુધીમાં તસ્કરોએ તેમના બંગલાને ટાર્ગેટ બનાવી તાળુ તોડીને અંદરથી રૂ. ૩.૪૦લાખના સોનાના દાગીના ચોરી કર્યા અને રફફુચક્કર થઈ ગયા હતા. સે-૭ પોલીસે ઘરફોડ ચોરી અંગે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત અને ડૉગ સ્કવોર્ડની તથા સીસીટીવી કેમેરાની મદદ લઈ તસ્કરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

શહેરના સેક્ટર-૧સી પ્લોટ નં. ૭૭૩ ખાતે રહેતા બળદેવગીરી ઈન્દ્રગીરી અતીત કોન્ટ્રાકટર છે. ગઈ કાલે સાંજે પોણા આઠ વાગ્યાના અરસામાં તેઓ પોતાના બંગલાને તાળુ મારીને સેકટર-૨૧ શોપીગમાં ખરીદી કરવા ગયા હતા. પોણા નવ વાગ્યાના અરસામાં ખરીદી કરીને તેઓ પરત આવ્યા અને જોયું તો તેમના બંગલાના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલું હતું. બંગલામાં સરસામાન વેર વિખેર પડયો હતો. એક કલાકમાં તસ્કર ટોળકીએ તેના બંધ બંગલાને ટાર્ગેટ બનાવી લીધો હતો. તસ્કરો તેમના બંગલાનો મુખ્ય દરવાજો તોડીને અંદર ઘુસ્યા અને રુમમાં જઈને કબાટ ફંફોસી અંદરથી રૂ. ૩.૪૦ લાખના સોનાના દાગીના ઉઠાવી ભાગી ગયા હતા. આ મામલે બળદેવગીરીએ સે-૭ પોલીસને જાણ કરતા પી.આઈ. ડી.ડી.સોઢા તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને ડૉગ સ્કવોર્ડ તથા ફિંગરપ્રિન્ટ નિષ્ણાતની ટીમ બોલાવી બંગલા માલિકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ આરંભી દીધી છે. સેકટર-૧માં વિવિધ સ્થળે લાગેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી તસ્કર ટોળકી સુધી પહોંચવા ગતિવિધી તેજ કરવામાં આવી છે દાગીના ઉપરાંત બંગલામાંથી બે ચેકબુકની પણ ઉઠાંતરી તસ્કરોએ કરી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

## દહેગામના ઝાલિયામઠ ગામે અછબડાના ૩૦થી વધુ કેસ

દહેગામ તાલુકાના ઝાલિયાના મઠ ગામે અછબડાના ૩૦થી વધુ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર ચોંકી ઉઠયુ છે અને ગામમાં સઘન સર્વેલન્સ હાથ ધરવાની સૂચનાઓ આપવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે આ ચેપી રોગમાં ૧॥ વર્ષથી લઈ ૩૫ વર્ષ સુધીના દર્દીઓ નોંધાયા છે. તંત્ર દ્વારા ઓપીડી પણ શરૂ કરવામાં આવી છે. જિલ્લામાં અછબડાના કેસો મળતાં તંત્ર દ્વારા તેની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. સર્વેલન્સ દરમ્યાન કોઈ નવા દર્દીઓ મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

## સે-૩/ડી રામજી મંદિર ખાતે રામનવમી ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર શહેરના વિવિધ મંદિરોમાં રામનવમી ઉત્સવની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ભકતો દ્વારા ચાલી રહી છે. ત્યારે શહેરના સે-૩ સ્થિત શ્રી રામસેવા ટ્રસ્ટ સંચાલિત રામજી મંદિર ખાતે તા. ૫મીના રોજ પણ રામનવમીને અનુલક્ષી વિવિધ ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરાયું છે. જેમાં સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન ધજારોહણ, પારણું ઝુલવાનું તથા મહિલા મંડળ દ્વારા ભજન કિર્તનનું આયોજન કરવામાં આવેલ છે તો આ ધાર્મિક પ્રસંગે સૌ ભાવિ ભકતોને દર્શનનો લાભ લેવા મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે.

## ભઈજીપુરા ગામમાં ખુલ્લેઆમ જુગાર રમતા આઠ જુગારી પકડાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર-ઈન્દીરાબ્રિજ હાઈવે પર સ્થિત ભઈજીપુરા પાટીયામાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ઈન્ફોસીટી પોલીસને મળતા મોડી રાત્રે દરોડો પાડી આઠ જુગારીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. રૂ. ૧૦,૮૩૦ની રોકડ તથા બે બાઈક મળી કુલ રૂ. ૬૭ હજારનો મુદ્દામાલ ઈન્ફોસીટી પોલીસે જપ્ત કરી કાર્યવાહી શરૂ કરી છે.

ઈન્ફોસીટી પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીની સૂચનાથી તેમની ડીસ્ટાફની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન શનિવારે રાત્રે સાડા અગીયાર વાગ્યાના અરસામાં બાતમી મળી હતી કે ભઈજીપુરા ગામમાં ખુલ્લા ખેતરમાં ટોળુ વળીને કેટલાક શકુનીઓ જુગાર રમી રહ્યા છે તે આધારે ડીસ્ટાફે દરોડો પાડીને કોર્ડન કરી આઠ જુગારીઓને પકડી પાડ્યા હતા. ભઈજીપુરા ગામના નથુ કેશા ઠાકોર, બાબુ શુરતાન ઠાકોર, પુનમ રમેશ ઠાકોર, રજુ જીવા ઠાકોર, મંગા ચતુર ઠાકોર, અશોક રમણ ઠાકોર, રાહુલ સેંધા ઠાકોર અને કુડાસણના ભરત બળદેવ પટેલ મળીને આઠેય શકુનીઓની રોકડ રૂ. ૧૦,૮૩૦ અને બે બાઈક મળી કુલ રૂ. ૬૭,૩૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ઈન્ફોસીટી પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે.

### અડાલજમાં બાવળની ઝાડીઓમાંથી છ શકુનીઓ ઝડપાયા

અડાલજ પોલીસ મથકનો ડીસ્ટાફ ગઈ સાંજે પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે અડાલજ એન.કે.ના ભઠ્ઠાની પાછળ બાવળની ઝાડીઓમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. જેને આધારે ટીમે દરોડો પાડીને છ શકુનીઓને પકડી પાડ્યા હતા. ગોપાલ જવાન ઠાકોર, જીવા ડાહ્યા ઠાકોર, પુંજા જીવા ઠાકોર, જીવા અંબાલાલ મકવાણા (ઠાકોર), શકરા મંગા ઠાકોર અને પરેશ ભલા વાઘેલા મળીને છ શખ્સોની રૂ. ૧૦,૩૧૦ રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## યુવા કલાકાર જનક ઠક્કરની ભાજપ યુવા મોરચા પ્રદેશમાં રચનાત્મક સમિતિમાં સંયોજક તરીકે વરણી

ગાંધીનગર, તા. ૩

ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષી પક્ષના સંગઠનનું નવસર્જન કરવામાં આવી રહ્યું છે ત્યારે નવસર્જનને અનુલક્ષી તાજેતરમાં યુવા મોરચાના પ્રદેશના પદાધિકારીઓની એક યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના યુવા એક્ટર અને નેતા જનક ઠક્કરની કામગીરીની નોંધ લઈને તેમને પ્રદેશની રચનાત્મક સમિતિમાં સંયોજક તરીકે વરણી કરવામાં આવી છે. યુવા એક્ટર જનક ઠક્કરની આ વરણીથી તેમના મિત્રો, પરિવારજનો સહિત ગાંધીનગર મહાનગર ભાજપના કોર્પોરેટરોમાં પણ ખુશીનુ મોજુ ફરી વળ્યું છે.

જનક ઠક્કર મૂળ વઢીયાર પંથકના લોલાડા ગામના વતની છે અને તેઓ હાલ ગાંધીનગર શહેરના સેકટર-૭માં વસવાટ કરે છે. ગાંધીનગર શહેરનું ગૌરવ અને જાણીતા સમાજ સેવક તેમજ ગુજરાતી ટી.વી. સિરિયલ સુરી લાવશે સપનાની સવારના લોકપ્રિય



કલાકાર જનકભાઈ ઠક્કર ડિસા શહેરના બ્રાન્ડ એમ્બેસેડર છે. તેમજ તેઓ છેલ્લી બે ટર્મથી ભાજપ યુવા મોરચાના પ્રદેશ માળખામાં કારોબારી સભ્ય તરીકે જવાબદારી નિભાવી રહ્યા હતા. જનક ઠક્કર ૨૦ વર્ષની નાની વયથી જાહેરજીવનમાં ડગ માંડ્યો હતો. છેલ્લા આઠ વર્ષથી ભાજપ પક્ષ સાથે તેઓ સંકળાયેલ છે. ભાજપના કાર્યકરો સાથે ખભેથી ખભો મીલાવી પક્ષે આપેલી સંગઠનની જવાબદારી સુપેરે નિભાવતા પક્ષે તેમની કામગીરીની નોંધ લઈ ભાજપ પ્રદેશ યુવા મોરચાની રચનાત્મક સમિતિમાં સંયોજક તરીકેની જવાબદારી સોંપી છે. ત્યારે આ અંગે જનક ઠક્કરે જણાવ્યું હતું કે પક્ષે મારામાં વિશ્વાસ મુકી જે જવાબદારી સોંપી છે તેને હું સંપૂર્ણપણે નિભાવીશ તેમજ સંગઠન વધુ મજબુત બને તે માટે સતત કાર્યરત રહીશ. પ્રદેશ માળખામાં રચનાત્મક સમિતિમાં સંયોજક તરીકે નિમણૂંક થતા જનક ઠક્કર પર અભિવાદનની વર્ષા છેલ્લા બે દિવસથી અવિરત ચાલુ છે. તેમની વરણીથી મિત્રો, પરિવારજનો સાથી હોદ્દેદારોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

## 'આપનો કેસ જાણો' ઓનલાઈન કેસ સ્ટેટસ એપ્લીકેશનનો ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે શુભારંભ

ગાંધીનગર, તા.૩

અરજદારો/નાગરિકોના મહેસૂલ સંબંધી કેસોનું સ્ટેટસ જે છે તે નાગરિક સરળતાથી ઓનલાઈન જાણી શકે તેવા ઉમદા હેતુથી ખાસ સચિવશ્રી મહેસૂલ વિભાગ (વિવાદ), અમદાવાદની કચેરીએ 'આપનો કેસ જાણો'-ઓનલાઈન કેસ સ્ટેટસની એપ્લીકેશનનો પ્રયોગ કરતા મહેસૂલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજ રોજ ગાંધીનગર ખાતે આ એપ્લીકેશનનો વિધિવત શુભારંભ કર્યો હતો. આ એપ્લીકેશનનો પ્રારંભ થતા પક્ષકારોને ઓનલાઈન કેસ સ્ટેટસ મારફત તેમના કેસ અંગેની વિગતો મળી રહેશે.

મહેસૂલી કેસ અંતર્ગત દાખલ સુનાવણી, મનાઈ હુકમ, આખરી હુકમ વગેરે કેસના દરેક તબકકાની અદ્યતન માહિતી નાગરિકોને/પક્ષકારોને/વકીલશ્રીઓને હવે સરળતાથી મળતી થશે. ઉલ્લેખનીય છે કે, રાજયના તમામ ૩૩ જિલ્લાઓના મહેસૂલી કેસોની માહિતી આ ઓનલાઈન કેસ સ્ટેટસની એપ્લીકેશન દ્વારા નાગરિકોને મળી રહેશે. આ માહિતી https://revenueappeals.gujarat.gov.in પરથી મળી રહેશે. આ વ્યવસ્થાના કારણે નાગરિકોના કેસ નિકાલની પ્રક્રિયામાં ઝડપ અને પારદર્શકતા જળવાશે તેવી આશા મહેસૂલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વ્યકત કરી હતી.

## નવાનગર રામજી મંદિર ખાતે અખંડ રામધૂન સપ્તાહ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના નવાનગર મુકામે સ્થિત રામજી મંદિર તથા જગદિશ્વર મહાદેવ મંદિર ખાતે અખંડ રામધૂન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. ગત તા. ૨૯ માર્ચથી ૫ એપ્રિલ દરમિયાન અખંડ રામધૂન અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને અનુલક્ષી તા. ૫ એપ્રિલને રામનવમીના રોજ અખંડ રામધૂન, ભજન કિર્તનનો કાર્યક્રમ યોજાશે. મહંત શિવશંકરપુરીજી ગોવિંદપુરીજી મહારાજ તથા સમગ્ર નવાનગર ગ્રામજનો દ્વારા આ સુંદર ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. ત્યારે દર્શનનો લાભ લેવા સૌ ભાવિ-ભક્તોને મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.




સુનહરી યાંદે : શહેરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા કલાગુર્જરી દ્વારા જાણીતા પાર્શ્વગાયક સુરોજિત ગુહા અને સાથી કલાકારો દ્વારા જૂના અને લોકપ્રિય ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજ્યો હતો. હેમંતકુમારના કંઠે ગવાયેલા ગીતોની યાદ તાજી કરાવી કલાકારોએ શ્રોતાઓના મન જીતી લીધા હતા.

## કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી જશવંતસિંહ ભાંભોરની રાજ્યપાલશ્રી સાથે શુભેચ્છા મુલાકાત

કેન્દ્રીય રાજ્યકક્ષાના આદિજાતિ કલ્યાણ મંત્રી જશવંતસિંહ ભાંભોરે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા પી.જી.ના કોર્ષ માટે દરખાસ્ત કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરની ઓળખ વિશ્વભરમાં ગ્રીનસીટી તરીકેની હતી. તો બીજી તરફ તમામ વિભાગની વડી કચેરી ગાંધીનગરમાં હોવાથી કર્મચારીઓની સંખ્યા વિશેષ હોવાથી કર્મચારી નગરી તરીકે પણ કેટલાક નાગરીકો સંબોધન કરતા હતા. પરંતુ સમય જતા ગાંધીનગર શહેરી વિસ્તારમાં અસંખ્ય કોલેજો અને નામાંકિત ઈન્સ્ટિટ્યુટ આવેલા છે. જ્યારે ૧૨ થી વધુ તો રાષ્ટ્રીયકક્ષાની યુનિવર્સિટીઓ આવી છે. પાટનગર વિધાનસભામાંથી વિદ્યાસભા બની ગયુ છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પાંચ વર્ષ પહેલા ૧૫૦ સીટની મેડીકલ કોલેજનો પણ સમાવેશ થવા પામ્યો છે.

પાટનગરની મેડીકલ કોલેજમાંથી ડૉક્ટર્સની પ્રથમ બેચ પણ બહાર પડી ગઈ છે. અને ૧૦૦થી વધુ તબિબિ વિદ્યાર્થીઓને ડિગ્રી પણ આપવામાં આવી છે. તાજેતરમાં એમ.સી.આઈ.નું ફાઈનલ યરની મંજુરી માટે ઈન્સ્પેકશન આવ્યુ હતુ ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ તંત્ર દ્વારા આગામી વર્ષથી પી.જી.નો અભ્યાસક્રમનો પ્રારંભ થાય તેવા ઉમદા હેતુથી પી.જી.ના કોર્ષની પરમીશન માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન દ્વારા પી.જી.નો કોર્ષ ગાંધીનગર ખાતે શરૂ કરવા રાજ્ય સરકાર અને ગુજરાત યુનિવર્સિટીની પરવાનગી લઈ લેવામાં આવી છે. અને દિલ્હી ખાતે અરજી પણ કરવામાં આવી છે. ગાંધીનગર કોલેજના ડીન દ્વારા વિવિધ ૧૩ વિષયોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ થઈ શકે તે અંગેના જરૂરી પુરાવાઓ અને ચાર લાખના ડીમાન્ડ ડ્રાફટ સાથે દિલ્હી ખાતે દરખાસ્ત કરવામાં આવી છે.

### રીક્ષા ડ્રાયવરની પ્રમાણિકતા

ગાંધીનગર તાલુકાના ખોરજ ખાતેના ઉમીયાનગર વાસ ખાતે રહેતા રીક્ષા ડ્રાયવર વિહાજી ચંદુજી ઠાકોર સોમવારે બપોરે આશરે અઢી વાગ્યાના સુમારે કલોલ-સાબરમતી રોડ પરથી પસાર થઈ રહ્યાં હતા ત્યારે તેમને અડાલજ-મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડની સામેથી રૂ. ૧૭ હજાર રોકડા મળી આવ્યા હતા. રીક્ષા ચલાવી ગુજરાન કરતા સામાન્ય વર્ગના વિહાજી ઠાકોરે આટલી રોકડ રકમ મળવા છતાં પોતાની પ્રમાણિકતા ચુક્યાં વગર તેમણે તમામ નાણાં અડાલજ પોલીસ સ્ટેશને પહોંચી જમા કરાવી દીધા હતા. તેમના ઈમાનદારીથી પોલીસકર્મીઓ પણ પ્રભાવિત થયા હતા અને તેમને બિરદાવ્યા હતા. આ નાણાં અડાલજ પોલીસ સ્ટેશન ખાતે જમા લઈ એએસઆઈ અમૃતભાઈ રાઠોડ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવા સાથે વધુ તપાસ હાથ ધરી છે.



## એનઆઈડી ખાતે સેરેના ચોપરાનું ફોટોગ્રાફી પ્રદર્શન 'ભૂટાન ઈકોઝ' યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતેની નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન ખાતે જાણીતા ફોટોગ્રાફર સેરેના ચોપરાનું 'ભૂટાન ઈકોઝ' ફોટોગ્રાફી પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શનનો તા. ૬ઠ્ઠી એપ્રિલે પ્રારંભ થશે જે તા. ૨૩મી એપ્રિલ સુધી દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન ખુલ્લું રહેશે.

સેરેના ચોપરા મૂળ દિલ્હીના ફોટોગ્રાફર છે. જેઓ વર્ષ ૨૦૦૨થી ભૂટાનની મુલાકાત લેતા રહ્યા છે અને તેમણે માત્ર ભૂટાનના હિમાલય પર્વતોની અજાણી ખીણો જ નહીં પરંતુ ભૂટાનના આંતરિક ભાગોની સફર પણ ખેડેલી છે. એટલું જ નહીં પરંતુ તેઓ ભૂટાનના અનેક નાગરિકોના ઘરે તેમની સાથે રહી તેમની સંસ્કૃતિનો અભ્યાસ કરી ચુકયા છે. તેમનું ભૂટાન અંગેનું પ્રથમ પ્રદર્શન દિલ્હી ખાતે ૨૦૦૭માં યોજાયું હતું. તેમણે ભૂટાનની લોક સંસ્કૃતિને તેમની ફોટોગ્રાફી દ્વારા ઉજાગર કરી છે. આ ઉપરાંત સેરેના ચોપરા તિબેટ આધારિત 'મંજુ કા ટીલ્લા' અને શિવરાત્રિ પર્વે હરિદ્વાર તથા વારાણસી ખાતે કુંભ મેળામાં નાગા સાધુઓ આધારિત ફોટોગ્રાફી પ્રદર્શનો પણ કરી ચુકયા છે.

## ઔદ્યોગિક સુરક્ષા દળ મઝદૂર સંઘના જિલ્લા પ્રમુખપદે પંકજકુમાર ચૌહાણની વરણી

ગાંધીનગર, તા.૩

ગુજરાત ઔદ્યોગિક સુરક્ષા દળ મઝદૂર સંઘની તાજેતરમાં મળેલી બેઠકમાં સંઘના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ વરણીમાં ગાંધીનગરના પંકજકુમાર એ. ચૌહાણની જિલ્લા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. પંકજકુમાર ચૌહાણની વરણી થતા ચોતરફથી તેમના પર અભિનંદન વર્ષા થવા પામી રહી છે.

તાજેતરમાં ગુજરાત ઔદ્યોગિક સુરક્ષા દળ મઝદૂર સંઘનું રાજયકક્ષાનું ચોથુ વાર્ષિક સંમેલન યોજાયું હતું. જેમાં સંઘની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા કક્ષાના



હોદ્દેદારોની પણ આ સંમેલનમાં નવનિયુકિત કરાઈ હતી. જીઆઈપીએસ મઝદૂર સંઘના ગાંધીનગર જિલ્લા એકમ માટે પ્રમુખ પદે ઉદ્યોગભવન ખાતે વીઆઈપીમાં ફરજ બજાવી રહેલા પંકજકુમારની વરણી કરાતા સમગ્ર કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી હતી. આ વરણીની જાહેરાત થતા જ પંકજકુમારના સહકર્મીઓ, સ્નેહીજનો, સગા સંબંધીઓ તથા અનેક સુરક્ષા જવાનો તરફથી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. પંકજકુમાર ચૌહાણે તેમને સોંપાયેલ જવાબદારી નિષ્ઠાથી નિભાવી સંઘને મજબૂત બનાવવા સાથે સંઘની કામગીરી ગંભીરતાપૂર્વક સંભાળવાની ખાત્રી ઉચ્ચારી હતી.

### શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે રામનવમીની ઉજવણી કરાશે

શ્રી ઝુલેલાલ સાઈબાબા મંદિર, સેક્ટર-૩૦ ખાતે પાંચમી એપ્રિલ, ૨૦૧૭, બુધવારના દિવસે રામનવમીનો ઉત્સવભારે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. સવારે ૧૧ વાગ્યાથી ભગવાન શ્રીરામ નામની અખંડ ધૂન યોજાશે. ત્યારબાદ ૧૨ વાગે જન્મ સમયે મહાઆરતી અને બાદમાં પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. સર્વે ભાઈ બહેનોને ધાર્મિક પ્રસંગમાં ભાગ લઈ આશીર્વાદનો લાભ લેવા પ્રમુખ, સિંધી પંચાયત, ગાંધીનગર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.




ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલ કેમ્પસમાં ચાલતા સારાંશ ફાઉન્ડેશન દ્વારા 'વિશ્વ ઓટીઝમ અવેરનેસ ડે' નિમિત્તે અમદાવાદના વસ્ત્રાપુર ખાતેના એક સુપર મોલમાં ઓટિસ્ટિક બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળકોને વિવિધ કૃતિઓ રજૂ કરતા જોઈ તમામ પ્રેક્ષકો તથા મોલના મુલાકાતીઓ અચંબિત થયા હતા. આ પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર રાની ચૌધરીએ આ વિશિષ્ટ બાળકોની પ્રતિભા અને નિર્દોષતા ચાર દિવાલ વચ્ચે બંધ ન રહેતા નાગરિકો વચ્ચે તેમની લાગણીઓને વાચા મળે તે હેતુથી આ કાર્યક્રમને સુપરમોલમાં યોજ્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે નાગરિકોને આ વિશિષ્ટ બાળકોને સહજતાથી સ્વીકારવા આહવાન કર્યુ હતુ. આ પ્રસંગે શિક્ષકોએ પણ ગીત તથા નુક્કડ નાટક જેવી કૃતિઓ રજૂ કરી ઓટિસ્ટિક બાળકોને અર્પણ કરી હતી.